# સરદાર સરોવર નર્મદા નિગમ લિ.

(ગુજરાત સરકારનું સંપુર્ણ માલિકીનું સાહસ)

જનરલ મેનેજર શ્રી(પીઆઈએમ સેલ)
સરદાર સરોવર નર્મદા નિગમ લી.
બ્લોક નં ૧૨, પાંચમો માળ,
નવા સચિવાલય સેકટર – ૧૦,
ગાંધીનગર. ૩૮૨૦૧૦.

ટેલિફોન - ૦૭૯ ૨૩૨૫૨૩૫૭
ફેક્સ - ૦૭૯ ૨૩૨૨૩૦૫૬
E – Mail pimcell123@gmail.com
Web Site – www.sardarsarovardam.org


**સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારમાં સબ માઈનોરના ઝડપી બાંધકામની વ્યૂહરચના અને તેની નીતિ.**

## સુધારો.

**ઠરાવ ક્રમાંકઃ–સસનનિલિ/પોલીસી ફોરસબમાઈનોર/૭/પાર્ટ–૨/ ૨૦૧૪/ પીઆઈએમસેલ, તા.૧૫/૦૯/૨૦૧૫.**

**સંદર્ભઃ** નિગમના ઠરાવ ક્રમાંકઃ સસનનિલિ/પોલીસી ફોર સબમાઈનોર/ ૭/પાર્ટ–૧ /૨૦૧૨/ પીઆઈએમસેલ, તા.૦૧/૦૮/૨૦૧૪.

સરદાર સરોવર યોજનાના પિયત વિસ્તારમાં સબ માઈનોરના ઝડપી બાંધકામની વ્યૂહરચના અને તેની નીતિ અન્વયે સંદર્ભિત ઠરાવ મુજબ યુ.જી.પી.એલ.ના બાંધકામની અમલીકરણ એજન્સીને કામની કુલ કિંમતના ૯૦% રકમની ચૂકવણી કરવાની થતી હતી. તથા ખેડૂત જૂથ ધ્વારા અમલીકરણ એજન્સીને કામની કિંમતના ૧૦% રકમની ચૂકવણી સીધેસીધી થાય તે અપેક્ષિત હોઈ તેમ છતાં ખેડૂત જૂથ આ ખર્ચની રકમ શ્રમદાન તરીકે પણ આપી શકે તેવું ઠરાવેલ હતું.

રાજય સરકાર ધ્વારા સરદાર સરોવર નર્મદા યોજનાની કામગીરીની પ્રગતિ અને વખતોવખતની સમીક્ષા તેમજ યોજનાની આડે આવતી અડચણો વહીવટી રીતે દુર કરી શકાય તે અંગેનો અભ્યાસ તથા સુચનો માટેની કેબીનેટ સબ કમિટીની તા.૨૦/૦૮/૨૦૧૫ના રોજની બેઠકમાં યુ.જી.પી.એલ. ધ્વારા સબમાઈનોરના અમલીકરણમાં લાભાર્થી ખેડૂતોના ૧૦% ફાળો લેવાની હાલની નીતિના બદલે ૨.૫ % ફાળો રાખવાની ભલામણ કરેલ છે. તે ભલામણને ધ્યાને લઈ સંદર્ભમાં દર્શાવેલ તા.૦૧/૦૮/૨૦૧૪ના ઠરાવનાં મુદ્દા નં.૬.૦ તથા ૧૧.૦ના પેરા(૨)માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૬.૦ ***સરદાર સરોવર નર્મદા નિગમ લિ. દ્વારા યોજનાની અમલીકરણ એજન્સીને જુદા જુદા તબકકામાં (જેની વિગતો પેરા ૧૧.૦માં આપેલ છે) કામની કુલ કિંમતના ૯૭.૫% રકમની ચૂકવણી કરવામાં આવશે. ખેડૂત જૂથ ધ્વારા અમલીકરણ એજન્સીને કામની કિંમતના ૨.૫ % રકમની ચૂકવણી સીધેસીધી થાય તે અપેક્ષિત છે, તેમ છતાં ખેડૂત જૂથ આ ખર્ચની રકમ શ્રમદાન તરીકે પણ આપી શકશે કે જેથી લાભાર્થી ખેડૂતોમાં પોતીકાપણાની ભાવના ઉભી થઈ શકે.***

*( પાછળ જુઓ...... )*

૧૧.૦ સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ધ્વારા કુલ થયેલ કામગીરીના ૯૭.૫ % મુજબનું ચૂકવણું જુદા જુદા તબકકામાં નીચે મુજબ કરવાનું રહેશે.

***(૨) પૂર્ણ થયેલ કામગીરીનું સંતોષકારક ટેસ્ટીંગ અને ટ્રાયલ રન થયેલ છે તે મુજબ ટી.પી.આઈ. (TPI)/PMC ધ્વારા પ્રમાણિત થયેથી, થયેલ કામગીરીની કુલ કિંમતના વધુ ૭૨.૫ % રકમનું ચૂકવણું કરવાનું રહેશે.***

ઉપરોકત સુધારો સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૧૫/૦૯/૨૦૧૫થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

૨૨-૯-૧૫

નાયબ જનરલ મેનેજર (પીઆઈએમ),
સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર.

**નકલ સાદર રવાના પ્રતિ,**

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (નાણાં)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત સરકાર, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (નર્મદા), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર.
- માન. અધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીના અંગત મદદનીશશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- સંયુકત વહીવટી સંચાલકશ્રીના અંગત મદદનીશશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- સંચાલકશ્રી(સીએડી),સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- સંચાલકશ્રી (સીવીલ), સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- સંચાલકશ્રી (કેનાલ્સ), સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- મુખ્ય જનરલ મેનેજરશ્રી (નાણાં), સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- કાર્યવાહક સંચાલકશ્રી (કૃષિ), સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- નાણાંકીય સલાહકારશ્રી (નહેરો), સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઈજનેરશ્રીઓ, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.

**નકલ સવિનય રવાના પ્રતિ,**

- સર્વે જનરલ મેનેજરશ્રીઓ / નાયબ જનરલ મેનેજરશ્રીઓ,સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ / કાર્યપાલક ઈજનેરશ્રીઓ / નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ, સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ગાંધીનગર
- સરકયુલર ફાઈલ.